## રાજ્યમાં ૨૪૭ નવા કેસ : અમદાવાદમાં ૧૯૭ : ગાંધીનગરમાં ૫

**અનાદિ આપ વૈદ્ય છો સાચા, કોઇ ઉપાય વિશે નહિ કાચા, દિવસ રહ્યા છો ટાંચા વેળા વાળજો રે !**


ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૪૮ | ૨૮ એપ્રિલ, ૨૦૨૦, મંગળવાર; વૈશાખ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# લોકડાઉનના ત્રીજા તબક્કાના સ્પષ્ટ સંકેત

**લોકડાઉનથી આપણે લાભ મળ્યો છે, સામૂહિક પ્રયાસોની અસર જોવા મળી રહી છે : મોદી : જો કે તેમાં કેટલી છૂટછાટ આપવી એ રાજ્યો પર છોડી દેવામાં આવશે : જ્યાં કેસો ઓછા છે ત્યાં તેવા રાજ્યોમાં જિલ્લાવાર રાહત આપવામાં આવશે : લોકડાઉન ખોલવાની નીતિ બનાવવા દરેક રાજ્યોને મોદીનું સૂચન : રાજ્યો કહે છે કે કેન્દ્ર નીતિ બનાવે, તેમણે રાજ્યોને કહ્યું કે, અર્થતંત્રનું ટેન્શન ન લો, જ્યાં કોરોના વધુ કેસો છે ત્યાં લોકડાઉન ચાલુ રહેશે**

નવી દિલ્હી,તા.૨૭

સમગ્ર દેશ કોરોના મહામારીને રોકવા લોકડાઉન-૨ના ૧૯ દિવસ માટે બંધ છે. ૩ મેના રોજ લોકડાઉન-૨ની મુદત પૂરી થાય તે પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકડાઉન-૧ લંબાવતા પહેલા મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજી તેમ લોકડાઉન-૨ને લંબાવવો કે કેમ તેની ચર્ચા માટે વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં રાજ્યોને ઝોનવાઈઝ લોકડાઉનમાં ઢીલ આપવાનું સૂચન થયું હતું. તો કેટલાક રાજ્યોએ કેન્દ્ર સરકારે લોકડાઉન ખોલવાની નીતિ ઘડવા સૂચન કર્યું હતું. એમ મનાય છે કે ૩ મે બાદ પણ લોકડાઉનનો ત્રીજો તબક્કો આવી શકે તેમ છે. જો કે તેમાં કેટલી છૂટછાટ આપવી એ રાજ્યો પર છોડી દેવામાં આવશે.



વડાપ્રધાન મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ ટેકનોલોજીના માધ્યમથી કેટલાક રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી હતી. મળતી જાણકારી મુજબ, વડાપ્રધાન મોદીની સાથે મીટિંગમઅં મોટાભાગના રાજ્યો ૩ મે બાદ તબક્કાવાર રીતે લૉકડાઉન હટાવવાના પક્ષમાં છે. તો પૂર્વોત્તરના મેઘાલય અને હિમાચલ પ્રદેશે લૉકડાઉનને લંબાવવા પર ભાર મૂક્યો હતો. બીજી તરફ, પુડુચેરીના મુખ્યમંત્રી વી. નારાયણસ્વામીએ કેન્દ્ર પાસે આર્થિક રાહત પેકેજની માંગ કરી

● અનુસંધાન પાના - ૭ પર

### લૉકડાઉનનું કડકાઈથી પાલન થાય, લડાઈ લાંબી છે : અમિત શાહ


કોરોના વાયરસ વિરદ્ધની લડાઈને કેવી રીતે આગળ વધારવામાં આવે તેને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓની સોમવારે મહત્વની બેઠક મળી હતી. વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી યોજાયેલી બેઠકમાં ગૃહ મંત્રી અમિત શાહે તમામ મુખ્યમંત્રીઓને લૉકડાઉનનું કડકાઈથી પાલન કરાવવા માટે અપીલ કરી હતી. તેઓએ કહ્યું કે પીએમ મોદીના 'જાન ભી જહાન ભી'ના માર્ગદર્શન પર સૌ આગળ વધો. તેની સાથે જ તેઓએ કહ્યું કે, આ લડાઈ લાંબી છે અને ધૈર્યની સાથે લડવું પડશે.

## કોરોનાને કારણે ચીન પ્રત્યે દુનિયાની નફરત ભારત માટે આર્થિક તક સમાન

**ભારતે વિદેશી રોકાણકારોને ચીનને બદલે ભારત તરફ વાળીને મૂડીરોકાણનો ફાયદો ઉઠાવવો જોઈએ : ગડકરીનો મત**

નવી દિલ્હી,તા.૨૭

કેન્દ્ર સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ એવો મત વ્યક્ત કર્યો હતો કે, વર્તમાન મહામારી કોરોના સંકટમાં દુનિયા ચીનને નફરતની નજરે જોઈ રહી છે. ભારતે આ વાતને આર્થિક તકમાં ફેરવીને વિદેશી રોકાણ આકર્ષિત કરવા અંગે ધ્યાન આપવું જોઈએ. ગડકરીએ રવિવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરતા કહ્યું કે, જાપાનની જેમ આપણે પણ એવું વિચારવું જોઈએ આપણે એ અંગે ધ્યાન પણ આપીશું. ચીન સાથે વેપાર સમેટી રહેલી કંપનીઓ માટે જાપાને આર્થિક પેકેજ જાહેર કર્યું છે. ગડકરીએ કહ્યું કે, વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવા માટે ક્લીઅરન્સ અને અન્ય સુવિધાઓ વધારાશે. નાણા મંત્રાલય સહિત તમામ વિભાગ અને આરબીઆઈ કોરોના પછીની આર્થિક લડાઈને જીતવા માટે નીતિ બનાવી રહ્યા છે. આનાથી દેશને ૫ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બનાવવાનું વડાપ્રધાનનું સપનું પુરુ થશે. ગડકરીએ કહ્યું કે, આ દરમિયાન આપણે ૧૦૦ લાખ કરોડનું



ઈન્ફ્રાસ્ટ્રકચર પણ તૈયાર કરી શકીશું.

ગડકરીને પુછવામાં આવ્યું કે જો એવું સાબિત થશે કે ચીને કોરોના સાથે જોડાયેલી માહિતી જાણી જોઈને છુપાવી તો શું ભારત કોઈ કાર્યવાહી કરશે? આ અંગે કેન્દ્રીય મંત્રીએ જવાબ આપ્યો કે આ વિદેશ મંત્રાલય અને વડાપ્રધાન સાથે જોડાયેલો સંવેદનશીલ મામલો છે, એટલા માટે કંઈ પણ કહેવું યોગ્ય નહીં હોય.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૩૦૨૫૫૦૮ | ૨૦૮૯૯૩ | ૮૧૦૩૭૦ |
| ભારત | ૨૯૨૪૬ | ૯૩૮ | ૭૧૦૭ |
| ગુજરાત | ૩૫૪૮ | ૧૬૨ | ૩૯૪ |
| ગાંધીનગર | ૩૦ | ૦૨ | ૧૪ |

## આતંકીઓ ઘુસાડવા સતત ૨૦ દિવસથી પાક.નો તોપમારો

**ભારત સરહદે ૪૫૦ આંતકવાદીઓની ઘૂસપૈઠ માટે પાકિસ્તાન ફિરાકમાંઃ મહિના પહેલા આ આતંકીઓની સંખ્યા ૨૫૦ હતી તે હવે વધીને ૪૫૦ને પાર પહોંચી ગઇ : પીઓકેમાં ૧૧માંથી સાત કેમ્પો હાઇબ્રિડ માનવામાં આવે છે**

નવી દિલ્હી,તા.૨૭

ભારતમાં વર્તમાન કોરોના વાઈરસની મહામારી વચ્ચે પણ દુશ્મન દેશ પાકિસ્તાનની અવળચંડાઈમાં કોઈ ફેર પડ્યો નથી અને આતંકીઓની સંખ્યા પણ વધારવા લાગ્યું છે. એક રિપોર્ટ અનુસાર પાકિસ્તાને સરહદે ૪૫૦ આતંકીઓને ખડકી રાખ્યા છે જે ગમે ત્યારે ભારતમાં ઘુસી શકે છે. એક સિનિયર સરકારી અધિકારીએ આ માહિતી મીડિયાને આપી હતી, જેમાં વધુમાં જણાવ્યું હતું કે પાકિસ્તાન સરહદે ગોળીબાર કરીને સૈન્યનું ધ્યાન ભટકાવી આ આતંકીઓને કાશ્મીરમાં ઘુસાડવાની ફિરાકમાં છે.

મહિના પહેલા આ આતંકીઓની સંખ્યા ૨૫૦ હતી તે હવે વધીને ૪૫૦ને પાર પહોંચી ગઈ છે, એટલે ગણતરીના દિવસોમાં જ પાકિસ્તાન સરહદે વધુ સક્રિય થઈ ગયુ છે સાથે જ સતત ૨૦ દિવસથી તેણે ગોળીબારનું પ્રમાણ પણ વધારી દીધુ છે. સુરક્ષા એજન્સીઓને મળેલા ઈનપુટ અનુસાર ૧૬ ટેરર કેમ્પ હાલ સરહદે ધમધમી રહ્યા છે જેમાં પીઓકેમાં જ ૧૧ કેમ્પ આવેલા છે. જ્યારે બે પાકિસ્તાનના પંજાબમાં અને ત્રણ ખૈબર પ્રાંતમાં છે.

પીઓકેમાં ૧૧માંથી સાત કેમ્પો હાઈબ્રિડ માનવામાં આવે છે કે જ્યાં આતંકીઓને તાલિમથી લઈને નવી ભરતીની પ્રક્રિયા હાથ ધરાય છે. આ રિપોર્ટ સામે આવ્યા જ છે ત્યાં સરહદે ઘુસણખોરી કરતો એક આતંકી ઠાર મારવામાં આવ્યો છે. જ્યારે બીજી તરફ કાશ્મીરમાં ઘુસેલા બે આતંકીઓને કુલગામમાં ઠાર મારવામાં આવ્યા છે. આ બન્ને આતંકીઓએ પહેલા પેટ્રોલિંગ પાર્ટી પર ગોળીબાર કર્યો હતો, જવાબી કાર્યવાહીમાં બન્નેને બાદમાં ઠાર મારવામા આવ્યા છે. દરમિયાન પંજાબ સ્થિત પાકિસ્તાની સરહદે એક ૩૦ વર્ષીય પાકિસ્તાની શખ્સને બીએસએફએ ઝડપી પાડયો હતો. આ શખ્સનું નામ શાબાઝ છે અને તે પાક.ના કસુર જિલ્લાનો વતની છે, તેની પાસેથી છ ફેસ માસ્ક, કેટલીક ખાલી પ્લાસ્ટિક બોટલો મળી આવી છે. હાલ તેની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

## છેલ્લે... છેલ્લે...

- રાજ્યમાં એક જ દિવસમાં સાજા થનારાઓની સૌથી વધારે દર્દીઓની સંખ્યા આજે ૮૧ની રહી.
- સ્પેનમાં દોઢ મહિના બાદ બાળકોને એક કલાક માટે મમ્મી-પપ્પા સાથે બહાર નીકળવાની છુટ મળી હતી.
- ઈટલીમાં ૪૦ દિવસ બાદ મૃત્યુદર આજે ઘટ્યો હતો. માત્ર ૨૬૦ મૃત્યુ નોંધાયા હતા.
- મુંબઈના મેયર કિશોરી પેડરેકર ભૂતપૂર્વ નર્સ હોવાને કારણે આજે નાયર હૉસ્પિટલમાં નર્સનો યુનિફોર્મ પહેરી નર્સો સાથે અને દર્દીઓ સાથે વાતચીત કરી હતી અને સારવારમાં મદદરૂપ થયા હતા.
- અમેરિકામાં સાજા થનારા દર્દીઓની સંખ્યા એક લાખને પાર પહોંચી છે.
- રાજ્યના સૌથી વધુ કોરોના સંક્રમિતો ધરાવતા રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૮૫૯૦ |
| ગુજરાત | ૩૫૪૮ |
| દિલ્હી | ૨૯૧૮ |
| રાજસ્થાન | ૨૨૬૧ |
| મધ્યપ્રદેશ | ૨૧૬૫ |
| ઉત્તરપ્રદેશ | ૧૯૮૬ |
| તામિલનાડુ | ૧૯૩૭ |
| આંધ્રપ્રદેશ | ૧૧૭૭ |
| તેલંગાણા | ૧૦૦૩ |

## દેશમાં વિસ્તરતું કોરોનાનું સંક્રમણ

**દેશમાં અત્યાર સુધીમાં ૨૮,૦૭૪ કેસો અને ૮૮૪ના મોત : ૨૬ રાજ્ય અને ૬ કેન્દ્ર શાસિત પ્રદેશમાં કોરોનાનું સંક્રમણ પહોંચી ગયું : તેલંગાણા બન્યુ ૧૦૦૦નો આંકડો પાર કરનારું ૯મું રાજ્ય, ૯ રાજ્યોમાં જ ૮૮% દર્દી, દેશમાં કોરોનાના હોટ સ્પોટ વિસ્તાર હવે નોન હોટ સ્પોટમાં ફેરવાઈ રહ્યા છે**



ન્યુ દિલ્હી,તા.૨૭

સમગ્ર ભારત કોરોના મહામારીને રોકવા લોકડાઉન-૨ હેઠળ પોતપોતાના ઘરોમાં કેદ છે ત્યારે દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૮,૦૭૪ થઈ ગઈ છે. સોમવારે આંધ્રપ્રદેશમાં ૮૦, પશ્ચિમ બંગાળમાં ૩૮, રાજસ્થાનમાં ૩૬, બિહારમાં ૧૩, ઓરિસ્સામાં ૫ અને ઝારખંડમાં ૧ દર્દીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૨૬ રાજ્ય અને ૬ કેન્દ્ર શાસિત પ્રદેશમાં સંક્રમણ પહોંચી ગયું છે, પરંતુ સૌથી વધારે સંક્રમણ વાળા ૯ રાજ્યોમાં જ રવિવાર સુધી કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૨૪ હજાર ૪૧૮ રહી હતી. જેમાં મહારાષ્ટ્રમાં ૪૪૦, દિલ્હીમાં ૨૯૩, ગુજરાતમાં કોરોના સંક્રમણના ૧૬૦૭ કેસ આવ્યા છે. જેમાંથી મહારાષ્ટ્રમાં ૪૪૦, દિલ્હીમાં ૨૯૩, ગુજરાતમાં ૨૩૦, મધ્યપ્રદેશમાં ૧૪૫ અને રાજસ્થાનમાં ૧૦૨ દર્દીઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કેન્દ્રના પ્રવક્તા અને ઉચ્ચ અધિકારી લવ અગ્રવાલ દ્વારા આજે મોડી બપોરે આ આંકડા આપવામાં આવ્યાં હતા.

● અનુસંધાન પાના - ૭ પર

## વિશ્વમાં ૩૦ લાખ કોરોનાથી સંક્રમિત

**દુનિયામાં અત્યાર સુધીમા ૨ લાખથી વધુના મોત : અમેરિકામાં ૨૪ કલાકમાં ૧૩૩૧ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યો**

વોશિંગ્ટન,તા.૨૭

આખી દુનિયામાં હાહાકાર મચાવનાર કોરોનાવાઈરસ એટલે કે કોવિડ-૧૯ના કારણે વિશ્વમાં અત્યાર સુધીમાં બે લાખ છ હજાર ૯૯૦ લોકોના મોત થયા છે. ૨૯ લાખ ૯૪ હજાર ૭૩૧ લોકો સંક્રમિત છે, જ્યારે આઠ લાખ ૭૮ હજાર ૭૯૨ વ્યક્તિઓ સાજા થઈ ચૂક્યા છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૧૩૩૧ લોકોએ જીવ ગુમાવ્યો છે. છેલ્લા થોડા દિવસોની સરખામણીમાં રવિવારે મોતની સંખ્યામાં ઘટાડો થયો હતો. એક દિવસ પહેલા અહીં મોતનો આંકડો ૨૪૯૪ હતો. અહીં અત્યાર સુધીમાં ૫૫ હજાર ૪૧૩ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે નવ લાખ ૮૭ હજાર ૧૬૦ લોકો સંક્રમિત છે.

● અનુસંધાન પાના - ૭ પર



### મમતા બેનર્જી વિરૂદ્ધ ભાજપ નેતાઓના ઘરે બેઠા બેઠા ધરણાં

કોલકતા,તા.૨૭

દેશમાં સતત કોરોના વાઈરસમાં કેસોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે, ત્યારે કોરોના સામે જંગ વચ્ચે પશ્ચિમ બંગાળ સરકાર અને ભાજપ આમનેસામને જોવા મળી રહ્યા છે. કોલકત્તામાં ભાજપ નેતા દિલીપ ઘોષ પોતાના આવાસ પર પશ્ચિમ બંગાળની મમતા બેનરજી સરકાર વિરૂદ્ધ ધરણા પર બેઠા છે. આ સિવાય કૈલાશ વિજયવર્ગીય અને બાબૂલ સુપ્રિયો પણ વિરોધ પ્રદર્શન કરી રહ્યાં છે. ભાજપનો આરોપ છે કે, મમતા સરકાર કોરોના સંક્રમિતોનો આંકડો છુપાવી રહી છે. બીજી તરફ સ્થિતિની સમીક્ષા કરવા પહોંચેલી કેન્દ્રીય ટીમ પર તૃણમૂલ કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે, તેઓ રાજ્યમાં રાજનીતિક વાઈરસ ફેલાવવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. કેન્દ્રીય મંત્રી અને પશ્ચિમ બંગાળથી ભાજપના સાંસદ બાબૂલ સુપ્રિયો પશ્ચિમ બંગાળ સરકાર વિરૂદ્ધ ધરણાં કરી રહ્યાં છે. આ સિવાય ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અને પશ્ચિમ બંગાળના કેન્દ્રીય પર્યવેક્ષક કૈલાશ વિજયવર્ગીય ઈન્દોર ખાતે પોતાના આવાસ પર વિરોધ પ્રદર્શન કરી રહ્યાં છે. આ પ્રદર્શન વીડિયો મારફતે કરવામાં આવી રહ્યું છે.

### કોરોનાની સારવાર માટે વ્યક્તિ નદી તરીને બાંગ્લાદેશથી આસામ પહોંચ્યો

નવી દિલ્હી,તા.૨૭

લોકડાઉનના કારણે ભારતમાં ઘણાં સ્થળોએ આશ્ચર્નજનક બનાવો સર્જાયા છે. પોતાને કોરોના હોવાની ડરથી એક બાંગ્લાદેશી વ્યક્તિ આસામના કરીમગંજ જિલ્લાના એક ગામમાં પહોંચ્યો હતો. તો બીજી તરફ કેરળના કુન્નુરમાં રહેતા કેન્સરગ્રસ્ત દર્દીને દવા પહોંચાડવા બાઈક રાઈડર્સ ૭૦૦ કિમીનું અંતર આપી બેંગ્લોરથી કુન્નુર પહોંચ્યા હતા.

આસામમાં આવેલી ભારત-બાંગ્લાદેશ સરહદ પર કુશિયારા નદી તરી એક બાંગ્લાદેશી વ્યક્તિ આસામના કરીમગંજ જિલ્લાના મુબારકપુર ગામમાં પ્રવેશ્યો હતો. સવારના સમયે ગામમાં પ્રવેશી રહેલા આ વ્યક્તિને ગ્રામજનોએ અટકાવતા તેણે કહ્યું હતું કે, તેનું નામ અબ્દુલ હક છે અને તેને કોરોના થયો હોવાની શંકા છે. તેથી સારવાર માટે તે અહીં આવ્યો છે. જો કે ગ્રામજનોએ બોર્ડર સિક્યુરિટી ફોર્સને જાણ કરી હતી અને બાંગ્લાદેશના સત્તાતંત્રને જાણ કરી તેને ફરી બાંગ્લાદેશ મોકલવામાં આવ્યો હતો.